Done

દિવ્ય ભાસ્કર
તા- 02/06/21
પેજ નં- 07

**WEBINAR**

# ‘ગાંધીજીનું જીવન ઘડતર’ પર યોગેન્દ્ર પારેખનો વેબિનાર

## એજ્યુકેશનને રસપ્રદ બનાવવાના અનોખો પ્રયાસ




**અમદાવાદ** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના ઉપક્રમે વિદ્યા વિસ્તારે વ્યાખ્યાનમાળા અંતર્ગત ‘ગાંધીજીનું જીવન ઘડતર’ વિષય પર ડૉ.યોગેન્દ્ર પારેખનું ઓનલાઈન વક્તવ્ય યોજાયું હતું જેમાં નાનપણથી અંતરાત્માનો અવાજ અનુસરી જીવનને આકાર આપનાર ગાંધીજીના જીવનમાં માતા- પિતા , સત્યવાદી હરિશ્ચંદ્ર નાટક, શ્રવણની પિતૃભક્તિ ઉપરાંત શ્રીમદ રાજચંદ્ર ,ટોલ્સટોય ,રસ્કિનના વ્યાપક પ્રભાવ વિશે વાત કરી હતી. ઉપરાંત તેમણે ગાંધીજીના જીવનના વિવિધ ઉદાહરણ આપી તેને જીવનમાં લાગુ કરવા વિશે માર્ગદર્શન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે વિદ્યા વિસ્તાર વ્યાખ્યાનમાળાના નિયમિત આયોજનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે તેમજ ઓનલાઈન એજ્યુકેશનને રસપ્રદ બનાવવા આ પ્રકારના વેબિનારનું આયોજન કરવામાં આવે છે.

3/06/2021